## જન્મદિને વધામણી



ભાવેશ જી પરમાર
મો. ૯૦૩૩૫ ૦૩૨૨૧



રૂદ્ર યોગેશભાઈ પટેલ
મો. ૯૮૨૪૯ ૯૬૮૮૮



પ્રીત દિનેશકુમાર રામાનુજ
મો. ૯૯૦૯૯ ૭૯૫૭૮

## મનોરંજન

સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
પૅસેન્જર્સ (અંગ્રેજી, ૩ડી)
૫.૦૦, ૧૦.૦૦
પૅસેન્જર્સ (હિન્દી, ૩ડી)
૨.૦૦, ૭.૪૫
**સ્ક્રીન-૪**
તી સંધ્યા કાય કરતે (મરાઠી)
૭.૦૦
ફૂખ (ગુજરાતી)
૪.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૫**
દંગલ
સવારે ૧૦.૦૦
ફ્રેન્ડ રિક્વેસ્ટ (હિન્દી)
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

# સરઢવ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૯

સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શેઠ ઍસ ઍમ એ વી સ્કૂલ અને શ્રી બી પી પટેલ હાઈસ્કૂલ સરઢવના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન સરઢવ હાઈસ્કૂલના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે યોજવામાં આવ્યું હતું.

સંમેલનના અધ્યક્ષપદે મફતલાલ ચુનીલાલશાહ (બાદશાહ શેઠ) ઉપસ્થિત રહ્યા હતા જેમણે પોતાના વિદ્યાર્થીકાળના સંસ્મરણો વાગોળ્યા હતા.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી ભાગ્યેશભાઈ જ્હા મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતા, જેમને પોતાની આગવી શૈલીમાં સંસ્કૃતમાં પ્રવચન કરીને સૌને પ્રભાવિત કર્યા હતા. સરઢવ હાઈસ્કૂલમાં મળેલા શિક્ષણથી તેમણે ભારતભરમાં મળેલી ખ્યાતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે ભૂતપૂર્વ આચાર્ય સ્વ. વાસુદેવભાઈ જ્હા જયંતિભાઈ શાહ, કનુભાઈ શાહ, ગોરધનભાઈ પટેલ, રસિકભાઈ મિસ્ત્રી દ્વારા મળેલા શિક્ષણને યાદ કર્યુ હતું. અતિથિવિશેષ પદે કનુભાઈ રામદાસ પટેલ કેળવણી મંડળના ટ્રસ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

કેળવણી મંડળના પ્રમુખ ગિરીશભાઈ પટેલ પણ આ પ્રસંગે હાઈસ્કૂલની પ્રગતિ માટેની વિસ્તૃત માહિતી આપી હતી. ભૂતપૂર્વ મંત્રી અને ગૃહનિર્માણ કો-ઓપરેટિવ સોસાયટીના અધ્યક્ષ વાડીભાઈ પટેલે સરઢવ કેળવણી મંડળની ૭૫ વર્ષની સ્મૃતિઓ વર્ણવી હતી. શાળાને મદદકર્તા દાતા તથા કામગીરી વિશે પણ તેમણે માહિતી આપી હતી.

અમૃત મહોત્સવના કન્વીનર નવિનભાઈ પટેલે પણ અમૃત મહોત્સવમાં યોજાનાર કાર્યક્રમો વિશે જાણકારી આપી હતી. આગામી તારીખ ૩૧ ડિસેમ્બરના રોજ યોજાનાર અમૃત મહોત્સવ અંગે પણ તેમણે જાણકારી આપી હતી.

શાળાના પૂર્વ વિદ્યાર્થી ડૉ. રંજનબેન ભાવસાર, પ્રજાપતિભાઈ વગેરેએ શાળાજીવનની સ્મૃતિઓ વર્ણવી હતી.

આ પ્રસંગે દીપ પ્રાગટ્ય કરીને પ્રાર્થના તથા સ્વાગતગીત હાઈસ્કૂલની બાળાઓએ કર્યું હતું, જે રાજ્યકક્ષાએ વિજેતા બની છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન ગિરીશભાઈ પટેલે કર્યું હતું. પ્રાસંગિક પ્રવચન ડૉ. કે ટી પટેલે કર્યુ હતું. આભારવિધિ રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ વિજેતા શિક્ષક શંકરભાઈ રણછોડભાઈ પટેલે કરી હતી. આ પ્રસંગે દાતાઓ, શ્રેષ્ઠીઓ, વિશાળ પ્રમાણમાં પૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન પ્રાંત અધિકારી હસમુખભાઈ પટેલે કર્યુ હતું.

# ચૌધરી બીસીએ કૉલેજ દ્વારા ટ્રેડિશનલ ડેની ઉજવણી કરાઈ



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ)માં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અવારનવાર સહઅધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. આ ક્રમમાં સોમવારે કૉલેજ ખાતે વિવિધ ડેની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ ટ્રેડિશનલ ડે ઉજવ્યો હતો, જે અંતર્ગત તેમણે વિવિધ સંસ્કૃતિને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કાર્યક્રમનું આયોજન ડિરેક્ટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ કૉલેજનાં અધ્યાપિકા યામિની ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ભલે ખોટો પડે
સમય પર નિર્ણય લો
કારણ કે
સમય વિતી ગયા પછી
સાચા નિર્ણયની પણ
કોઈ કિંમત નથી હોતી

# આર જી શાળાની વિદ્યાર્થીનીઓએ ઍલડીઆરપી ઍન્જિનીયરિંગ કૉલેજની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૯

આર જી કન્યા શાળાનાં આચાર્ય સુધાબેન પી પટેલ અને વિજ્ઞાન પ્રવાહનાં સુપરવાઈઝર ગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીઓએ ઍલડીઆરપી ઍન્જિનીયરિંગ કૉલેજની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

વિદ્યાર્થીનીઓ સાથે આ પ્રવાસમાં શિક્ષક એ એ પટેલ અને એ આર પટેલ જોડાયા હતા. કૉલેજ ખાતે વિદ્યાર્થીનીઓએ સૌપ્રથમ ઇલેક્ટ્રીકલ ડિપાર્ટમેન્ટની લૅબોરેટરીની મુલાકાત લીધી હતી. અહીં ફિઝિક્સના સિધ્ધાંતો તથા ઍન્જિનીયરિંગ વિશે ડૉ. પુષ્પકભાઈ પટેલે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. એ પછી લાયબ્રેરીની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીનીઓએ અનુભવ્યું કે આ કોઈ સામાન્ય લાયબ્રેરી ન હતી. પુસ્તકની શોધ તથા આપલે માટે અહીં કૉમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવતો હતો. અહીં ગ્રંથપાલ ભરતભાઈએ વિદ્યાર્થીનીઓને આવકારી હતી અને તેમને લાયબ્રેરી અંગે સંપૂર્ણ માહિતી પૂરી પાડી હતી.

કૉમ્પ્યુટર ઍન્જિનીયરિંગ વિભાગમાં હિતેશભાઈ બારોટે વિદ્યાર્થીનીઓને અભ્યાસપૂર્ણ માહિતી પૂરી પાડી હતી. તેમણે જણાવ્યું હતું કે આ કૉલેજના વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠિત કંપનીઓમાં પ્લેસમૅન્ટ પ્રાપ્ત થયાં છે.

વિદ્યાર્થીનીઓ માટે આ શૈક્ષણિક મુલાકાત અભ્યાસપૂર્ણ, માહિતીપૂર્ણ અને ઉત્સાપ્રેરક રહી હતી.

# બી કેશરશિવમ્ વાર્તા-કવિતા અને નિબંધ સ્પર્ધાની મુદત વધારાઈ

## કોઈપણ વ્યક્તિ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે

ગાંધીનગર, તા. ૯

બી કેશરશિવમ્ વાર્તા-કવિતા-નિબંધ સ્પર્ધા અન્વયે જાહેર કરાયેલાં ઈનામો સામે મોટી સંખ્યામાં રચનાઓ નહીં આવતાં સ્પર્ધાનું તત્ત્વ જળવાતું ન હોઈ નિર્ણાયકોના મત અનુસાર આ સ્પર્ધાની મુદત વધારવામાં આવી છે.

ભારત રત્ન ડૉ. બી આર આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે વાર્તા, કવિતા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિષયો છે : જન્મ, ભણતર, પરદેશમાં વિદ્યાભ્યાસ, મહાડ તળાવ અને કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ, બંધારણ નિષ્ણાત, કાનૂન મંત્રી, હિન્દુ કોડ બિલ, ડૉ. આંબેડકરનું મંત્રીપદેથી રાજીનામું, પુના કરાર, બૌદ્ધ ધર્મ અંગીકાર, એમનાં પુસ્તકો, પ્રવચનો અને વૉલ્યુમ. આ સ્પર્ધા માત્ર ઍવોર્ડ માટે જ નથી પણ અક્ષરજ્ઞાન મેળવેલ તમામ માટે કલમ ઊઠાવી ઋણમુક્ત થવાના પ્રયત્નો સમાન છે અને બીજા માટે પ્રાયશ્ચિતરૂપ છે. વાર્તા, કવિતા અને નિબંધ એમ દરેક કૅટેગરીમાં પહેલું ઈનામ રૂા. ૨૫૦૦, બીજું ઈનામ રૂા. ૧૫૦૦ અને ત્રીજું ઈનામ રૂા. ૧૦૦૦ રાખવામાં આવ્યું છે. ત્રણેય કૅટેગરીમાં રૂા. ૧૦૦નાં ૧૦ આશ્વાસન ઈનામો રાખવામાં આવ્યાં છે. આમ કુલ રૂા. ૧૮,૦૦૦નાં ૩૯ ઈનામો રાખવામાં આવ્યાં છે. દરેક કૅટેગરીમાં તજ્જ્ઞોની ટીમ નિર્ણય લેશે. અંતિમ નિર્ણય આયોજકોનો રહેશે. ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

કવર પર બી કેશરશિવમ સ્પર્ધા - વાર્તા, કવિતા કે નિબંધ લખવું. રચના સાથે કૃતિનું નામ, લેખકનું નામ, સરનામું, ફોન નંબર, ટૂંકમાં પરિચય વગેરે અલગ કાગળમાં લખવું. કૃતિ પર લેખકનું નામ લખવું નહીં. એક બાજુ સુવાચ્ય અક્ષરે લખેલી અથવા ટાઈપ કરેલી કૃતિ મોકલવી. કૃતિ પરત કરી શકાશે નહીં. પસંદગીની કૃતિઓનું પ્રકાશન કરવાની ગણતરી હોઈ તે માટે સંમતિપત્ર સાથે મોકલી આપવો એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કૃતિ મોકલવા માટે સરનામું : બી કેશરશિવમ્ - બી એસ જાદવ, ‘શૂળ’, પ્લોટ નં. ૧૩૮/૨, સૅક્ટર-૧ બી, ગાંધીનગર, પીન : ૩૮૨૦૦૭ જાહેર કરાયું છે. આ અંગેની વધુ વિગતો માટે મો. ૯૮૯૮૦ ૨૯૨૧૭ દ્વારા સંપર્ક સાધવા માટે પણ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. અધ્યક્ષસ્થાને હિસાબ અને તિજોરી વિભાગના નિયામક બી ઍમ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન પદે જિલ્લા શિક્ષણાધિકારી ઍસ ઍમ બારડ, અતિથિ વિશેષ પદે ઍસઍસવી કૅમ્પસના મૅનેજિંગ ટ્રસ્ટી સંજયભાઈ પટેલ, મૅનેજિંગ ડિરેક્ટર શૈલેષભાઈ રાજગોર, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના મંત્રી સી એ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ પ્રદિપસિંહ ચાવડાએ મહેમાનોનો પરિચય આપ્યો હતો, તેમનું સ્વાગત કર્યું હતું અને સંઘની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો.

સમારોહ અંતર્ગત ધોરણ-૧૨ અને ૧૦ના ૩૦ તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૮૦ આચાર્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યાલય મંત્રી સુરેશભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ મિસ્ત્રીએ કર્યું હતું.



નવગુજરાત કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે કૉલેજ ડે સૅલિબ્રેશનના ભાગરૂપે નિખિલ ડોડિયાના માર્ગદર્શન હેઠળ ‘ક્લાસરૂમ ડેકોરેશન ડે’ની ઉજવણી કરવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીએ આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાના વર્ગખંડનો શણગાર કર્યો હતો.

# વિચારહીન વ્યક્તિનો સાથ ભાગ્ય પણ છોડી દે છે




pulak63@gmail.com

ઈજિપ્તની બે બાબત વિશ્વ પ્રસિદ્ધ. એક તો વિશ્વની મહાન અજાયબી પિરામીડ અને બીજું ડૉ. તાહા હુસૈનનું સાહિત્ય. ડૉ. તાહા હુસૈન ઈજિપ્તનું એક એવું નામ કે જેણે ઈજિપ્તને વિશ્વમાં અલગ પહેચાન આપી. હુસૈન સૌથી પહેલા એવા ઈજિપ્શીયન હતા કે જેમણે ફ્રાન્સમાંથી માસ્ટર્સ અને પી.એચ.ડી.ની બન્ને ઉપાધિઓ હાંસલ કરી. ડૉ. તાહા હુસૈનના લખાણો અને રચનાઓમાં ઈજિપ્તની સંસ્કૃતિ અને ઈસ્લામના સંદેશને અસરકારક રીતે સ્થાન આપવામાં આવ્યું છે. તેમની ધારદાર શૈલીના કારણે તેમને ક્યારેક રોષનો ભોગ પણ બનવું પડ્યું. પણ, આજે ડૉ. તાહા હુસૈનની સામાજિક ચેતનાસભર રચનાઓ કે લખાણોની વાત કરવી નથી. આજે તો સામાન્ય પરિવારના બાળક તાહા કેવી રીતે ‘એક વિચાર’થી જીવન પલટાવીને વિશ્વ પ્રસિદ્ધ વ્યક્તિ ડૉ. તાહા હુસૈન બન્યા એની વાત માંડીને કરવી છે.

ઈજિપ્તમાં પણ ઘણાને ન ખબર હોય એવા નાનકડા ગામ લ્ઝબેટ અલ કીલોમાં ડૉ. તાહા હુસૈનનો જન્મ થયો. સાવ સામાન્ય પરિવારના ૧૩ સંતાનો પૈકીનું હુસૈન સાતમું સંતાન. એક અણઘડ તબીબની સારવારની તાહા હુસૈનને બહુ મોટી કિંમત ચૂકવવી પડી. માત્ર ત્રણ જ વર્ષની ઉંમરે હુસૈને દ્રષ્ટી ગુમાવી અને અંધ બની ગયા. આના પરિણામ હુસૈનની જિંદગી અત્યંત કપરી અને મુશ્કેલ બની ગઈ. નાની-નાની બાબતોમાં બાળક હુસૈનને લોકોના હડસેલા સહેવા પડતા. એ અત્યંત વ્યગ્ર બની જતાં. એમને જીવન ખૂબ દુષ્કર લાગતું. હુસૈન સતત એમ વિચારતા કે, મને જીવવાનો કોઈ હક્ક નથી હું આ ધરતી ઉપર બોજારૂપ છું.

દિવસે દિવસે બાળ હુસૈન જેમ જેમ વયસ્ક બનતા ગયા એમ એમનો જીવન પ્રતિ આખો દ્રષ્ટિકોણ જ વિચિત્ર થઈ ગયો. એમને એમ જ લાગ્યા કરતું કે હું જીવનમાં કશું હાંસલ કરી શકીશ નહીં. મારે સ્વેચ્છાએ જીવન સમાપ્ત કરી દેવું જોઈએ. મારી બધી મુશ્કેલીઓ અને વિડંબણાઓનું એક માત્ર સમાધાન મારા જીવનનો અંત છે. એવા વિચારો હુસૈનના મનમાં દિનપ્રતિદિન વધુ ને વધુ દ્રઢતા હાંસલ કરવા લાગ્યા.

હુસૈને જીવન છોડવાના સંકલ્પ સાથે એક દિવસ તેના જીવનનો અંત આણવા માટે મુકરર કર્યો. હુસૈન આત્મહત્યા કરવા ચાલી નીકળ્યા. માર્ગમાં હુસૈનને એક ભલા વિચારક અને ચિંતક એવા ઓલીયા ફકીરની મુલાકાત થઈ. આ ઓલીયા ફકીરે જીવનના અલગ અલગ ઉજ્વળ પાસાઓની અંધ બાળક હુસૈનને ખૂબ સરસ વિચારપ્રેરક વાતો કરી. બે આંખે ન જોઈ શકતા બાળ હુસૈનને આ ફકીરની વાતમાં જીવનના સાત રંગોનું મેઘધનુષી ચિત્ર ખડું થયું. ફકીર બાબાના જિંદગી પ્રત્યેના મેઘધનુષી રંગો મન મસ્તિષ્કમાં ભરીને મરવા માટે નીકળેલો હુસૈન મનભરીને જીવન માણવાના મક્કમ ઈરાદે પાછો વળ્યો. પાછો વળેલો એ બાળક તાહા ઈજિપ્તના મહાન વિચારક ડૉ. તાહા હુસૈન બનવાના વિચાર બીજને સંજોરીને આવ્યો હતો.



દ્રષ્ટી ન હોવાના કારણે જીવન બોજારૂપ લાગતુ હોવાથી એનો અંત કરવા નીકળેલો બાળક ઈજિપ્તની શાન બન્યો. એક ભર્યા-ભર્યા મજબૂત વિચારે ઈજિપ્તના આસમાન ઉપર ડૉ. તાહા હુસૈન નામનો સોનેરી તારલો સજાવ્યો. ‘અલ-અય્યામ’ (ધ ડેયઝ) નામની ડૉ. તાહા હુસૈનની આત્મકથા દુનિયાભરના લોકોને ‘મોટીવેશન’ આપી રહી છે. તેમની આત્મકથા અંગ્રેજીમાં ‘એન ઈજિપ્શીયન ચાઈલ્ડહુડ’ના નામે ૧૯૩૨માં પ્રસિદ્ધ થઈ. પછી તો ડૉ. તાહા હુસૈન ૧૯૫૦માં શિક્ષણ મંત્રી પણ બન્યા. એ જમાનામાં આ મંત્રાલય ‘મિનિસ્ટરી ઑફ નોલેજ’ કહેવાતુ. ‘સૌને શિક્ષણ અને શિક્ષણનો અધિકાર’નું સુત્ર ડૉ. હુસૈને ઈજિપ્તમાં પ્રચલિત કર્યું હતું. એ કહેતા કે શિક્ષણ એ પાણી અને હવાની જેમ પ્રત્યેક માનવીએ મેળવવાનો અધિકાર છે. પછી તો આ બે આંખે જોઈ ન શકતા હુસૈને જે ગતીએ પ્રગતિ કરી કે, પાછુ વળીને જોયુ જ નથી. ઘણા અખબારોમાં એમણે તંત્રીપદ પણ શોભાવ્યું. ઈજિપ્ત અને વિશ્વની ગણમાન્ય સાયંટીફિક એકેડેમિક સંસ્થાઓના એ સભ્ય રહી ચૂક્યા છે.

ઈજિપ્તના ડૉ. તાહા હુસૈનની આખી આ વાતનો નિચોડ જિંદગીની જીતના મૂળમાં મજબૂત વિચારની ચિનગારી છે. ગમે એવી કપરી અને ખરાબ પરિસ્થિતિમાં પણ એક ઊર્ધ્વગામી વિચાર જીવનનું ‘ડાયમેન્શન’ જ બદલી નાખે છે. જીવનમાં ક્યાં કશું ચિરસ્થાયી હોય છે. જીવન તો ખળખળ વહેતા ઝરણા જેવું છે. નદી બનવાના મજબૂત વિચાર સાથે વહેતુ ઝરણું હકારાત્મકતાનું મઝાનું પ્રતીક છે. ચડતી અને પડતી તો આવે. પણ પડતી વેળા થથરીને અંત સમજવામાં શાણપણ નથી. જીવનમાં કોણ સંઘર્ષ નથી કરતો હોતો? બધા જ એક યા બીજી મુશ્કેલી સામે બાથ ભીડતા જ હોય છે. કોઈને શારીરિક તો કોઈને આર્થિક, કોઈને માનસિક તો કોઈને સામાજિક પ્રશ્નો હોય છે. પ્રશ્નોની હારમાળા ક્યાં અટકે છે? પ્રશ્નો અને વિડંબણાઓને ૩૬૦ ડિગ્રીએ ફેરવીને હકારાત્મક વિચારોની જડીબુટ્ટી સુંઘવી પડે.

એક મજબૂત વિચાર જીવનને સફળતાના લક્ષ્યભણી પૂરપાટ દોડાવા માટેનું ઈંધણનું કામ કરતો હોય છે. બ્રિટીશ તત્વચિંતક સર જ્હોન હરગ્રેવે સરસ વાત કરી છે કે, જ્યારે આપણી પાસે આત્મવિશ્વાસથી ભર્યો ભર્યો મજાનો એક વિચાર હોય તો આપણે ખૂબ મોજ અને મસ્તીથી જીવી શકીએ છીએ, અને જ્યારે આપણે મોજ અને મસ્તીથી જીવતા હોઈએ ત્યારે આપણે ‘એમેઝીંગ’ (અદભૂત) કામ કરતા હોઈએ છીએ. એ સાચું છે કે, જીવનમાં મોજ માટે મહત્વનો હોય છે આત્મવિશ્વાસ. પણ આત્મવિશ્વાસ માટેની માનસિક સજ્જતા કેળવાય મજબૂત વૈચારિક શક્તિથી. આત્મવિશ્વાસને વધારવાનું શસ્ત્ર છે, હકારાત્મકતાથી ભરપુર વિચાર. નાની-નાની વાતમાં સુનિશ્ચિત કરેલા વૈચારિક લક્ષ્ય મોટા પરિણામોના સર્જનમાં મહત્વનો ભાગ ભજવતા હોય છે.

એક વિચારથી બનતા આત્મવિશ્વાસના બળથી જ મનોબળ મજબૂત બને છે. મજબૂત ઈરાદાવાળા માર્ગ ઉપર જ્યારે ચાલીએ ત્યારે કંટકોની પરવા કરવી ન પાલવે. જીવન માત્ર જીવાય એ કેમ ચાલે, જીવન તો ઉજવાવુ જોઈએ. જીવનમાં પ્રતિદિન ઉત્સવનો ઉત્સાહ હોવો જોઈએ. કંઈક નવુ કરવાનો ઉમંગ હોવો જોઈએ. આનંદીત વ્યક્તિ સાથે આખી દુનિયા આનંદ કરે પણ સોગીયા વ્યક્તિનો સાથ કોઈ ન આપે. વૈચારિક સંપદા હોય તો કાર્યની શરૂઆત પહેલા જ વિજયનો અડધો રસ્તો કપાઈ ગયો એમ સમજવું. જીવનમાં જીત માટેના બે જ માર્ગ છે.

મચી પડવું પડે એ વિચાર પાછળ કે, જે હકારાત્મકતાનું ઉજ્જવળ આકાશ ઉડવા માટે આપે. ભૂલી જવો પડે એ વિચાર કે, જે નકારાત્મકતાના જાળા સર્જતો હોય. જાણીતા સર્જક અને ચિંતક બેન્જામીન ફ્રૅંકલીન કહેતા કે, જેની પાસે સારા વિચારોનું ધૈર્ય છે એ સફળતા પ્રાપ્ત કરી શકે છે. વ્યક્તિની આજ એના વિચારોનું પરિણામ છે. જ્યાં વિચારોનો શુન્યાવકાશ હોય અને વિચારોનું ઘનઘોર અંધારું હોય ત્યાં બહારથી નવો બીજો અજવાળાનો ઉજાશ ક્યાંથી આવે? ૨૧મી સદીના મહાન લેખક વિલીયમ સેક્સપીયરે લખ્યું છે કે, મન તો સફેદ કાપડ જેવું છે, જે રંગમાં ઝબોળો એ રંગ ચડી જાય. હકારાત્મક અને ઊર્ધ્વગામી વિચારોના રંગમાં મનના સફેદ કાપડને ડુબાડી જીવનને હસીન-રંગીન બનાવવાની કળા આત્મસાત કરવાની મોજ હોય. એમાં પ્રયાસની ક્યાં જરૂર છે, એ તો આપો આપ થાય. હકારાત્મક વિચારહીન વ્યક્તિનો ભાગ્ય પણ સાથ છોડી દેતું હોય છે.

**ધબકાર**

ઉત્તમ વિચાર અને મહાન લોકો ક્યારેય નથી મરતા.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### ‘મારી જીવન પ્રેરણા’